# દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોની શૈક્ષણિક ગુણવત્તા અંગે આચાર્યોના મંતવ્યોનો અભ્યાસ

મેરામણભાઇ એ. વૈરૂ

## ૧. પ્રસ્તાવના

*શિક્ષણને માનવ વિકાસનું એક અગત્યનું પરિબળ ગણવામાં આવે છે. આથી જ આપણા દેશના વિકાસની યોજનાઓમાં શિક્ષણને ઉત્તરોત્તર મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. આઝાદી પછી લોકજાગૃતિની સાથે શિક્ષણના વિકાસને સૌપ્રથમ પ્રાધાન્ય અપાયું. તે સાથે શિક્ષણની પ્રક્રિયામાં ગુણવત્તા પણ ખૂબ જ જરૂરી છે. શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે આઝાદી પહેલા અને આઝાદી પછી અનેક શિક્ષણ પંચો રચાયા અને તેના દ્વારા શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા લાવવા વિવિધ પ્રકારની ભલામણો કરવામાં આવી હોવા છતાં શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા મેળવી શકયા નથી. તે આપણા શિક્ષણ જગત માટે એક દુ:ખદ ઘટના ગણી શકાય.*

*શિક્ષક-પ્રશિક્ષણની ગુણવત્તા માટે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ વિવિધ પંચોની ભલામણોને આધારે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. જેમકે રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (*NCERT*), શિક્ષક-પ્રશિક્ષણ રાષ્ટ્રીય પરિષદ (*NCTE*), કેન્દ્રીય સલાહકાર બોર્ડ (*CABE*), યુનિવર્સિટી અનુદાન પંચ (*UGC*), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (*GCERT*), શૈક્ષણિક આયોજન અને વહીવટી રાષ્ટ્રીય સંસ્થા (*NUEPA*), કોલેજ ટીચર ઓફ એજ્યુકેશન (*CTE*), એકેડેમીક સ્ટાફ કોલેજ (*ASC*), રીજીઓનલ કોલેજ ઓફ એજ્યુકેશન (*RCE*), જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (*DIET*) વગેરે.*

*ઉપરોક્ત સંસ્થાઓમાં શિક્ષક-પ્રશિક્ષણ રાષ્ટ્રીય પરિષદ (*NCTE*) પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક સ્તરે વ્યવસાયના શિક્ષકોને તાલીમ આપી તૈયાર કરતી* B.Ed., M.Ed, CP.Ed. PTC, MP.Ed. *વગેરે સંસ્થાઓનું નિયંત્રણ અને ગુણવત્તાની સંપૂર્ણ જવાબદારી* NCTE *નિભાવે છે. આથી શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓ જેવી કે* B.Ed, M.Ed, CP.Ed, MP.Ed *અને* PTC *વગેરે કોલેજોમાંથી કોલેજોની ગુણવત્તા જાણવા માટે પ્રા. મુખોપાધ્યાયે આપેલ ગ્રાહક અભિમુખતા, અસીલશિક્ષણ, ગુણવત્તા સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, સંપર્ક વાલી સહયોગ વગેરે ઘટકો દ્વારા દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણ (*B.Ed*) કોલેજમાં શિક્ષણ ની ગુણવત્તા અંગે આચાર્યો કેવા મંતવ્યો ધરાવે છે તે જાણવા માટે ઉપરોક્ત સમસ્યા એમ.ફિલના લઘુ સંશોધનના ભાગરૂપે પસંદ કરવામાં આવી હતી.*

## ૨. પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

### સૈદ્ધાંતિક વ્યાખ્યા

### ૨.૧ શિક્ષણમાં ગુણવત્તા

*''શિક્ષણ પ્રક્રિયામાં ખામી નિવારણ.''*

*- ક્રોસબી (૧૯૭૯ )*

### ૨.૧.૧ ગુણવત્તા એટલે....

*૧. ગ્રાહક જરૂરિયાતોને પહોંચી વળવું ૨. સતત સુધારણા ૩. દરેકની કામગીરી ૪. નેતૃત્વ*
*૫. તંત્રમાં માનવ સંશાધન વિકાસ ૬. ભયનિવારણ ૭. કદર અને બક્ષિસ ૮. ટીમકાર્ય ૯. માપન*
*૧૦. પદ્ધતિસરનો સમસ્યા ઉકેલ*

*- સિમોર (૧૯૯૨)*

**૨.૨ વ્યવહારિક વ્યાખ્યા**

**૨.૨.૧ શક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા**

*શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તા એટલે શિક્ષક-પ્રશિક્ષણમાં ગ્રાહક-અભિમુખતા, અસીલ શિક્ષણ, ગુણવત્તાની સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, વાલીસહયોગ, સંપર્ક જેવા ઘટકોનું માપન કરીને શિક્ષક-પ્રશિક્ષણમાં ગુણવત્તાને મૂલવવું.*

**૩. અભ્યાસના હેતુઓ**

*સંશોધકે આ પ્રમાણેના હેતુઓ ધ્યાનમાં લીધા હતા.*

*૧. ગ્રાહકની અભિમુખતા, અસિલ શિક્ષણ, ગુણવત્તાની સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, વાલી-સહયોગ સંપર્ક વગેરે પ્રા.મુખોપાધ્યાયે જણાવેલ ઘટકો અંગે શિક્ષક-પ્રશિક્ષણ કોલેજોના આચાર્યોના મંતવ્યો જાણવા.*

**૪. અભ્યાસના પ્રશ્નો**

*પ્રસ્તુત સંશોધનના હેતુઓના આધારે આ પ્રમાણે અભ્યાસના પ્રશ્નોની રચના કરવામાં આવી હતી.*

*૧. ગ્રાહકની અભિમુખતા અંગે શિક્ષક-પ્રશિક્ષણ બી.એડ કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૧. અસીલ શિક્ષણ અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૨. ગુણવત્તાની સાથે સંતોષ અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૩. ભાગીદારી અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.)કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૪. નવીનીકરણ અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૫. વાલી સહયોગ અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૬. સંપર્ક અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો કેવા હશે ?*
*૭. ગ્રાહક અભિમુખતા, અસીલ શિક્ષણ, ગુણવત્તાની સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, વાલીસહયોગ, સંપર્ક અંગે શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યના મંતવ્યોમાં કેવા તફાવત હશે ?*

**૫. સંશોધનનું ક્ષેત્ર અને પ્રકાર**

**૫.૧ ક્ષેત્ર**

*પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ કોલેજોના શિક્ષણની ગુણવત્તા અંગે આચાર્યોના મંતવ્યો ની અસરકારકતા તપાસવાની હતી. તેથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષક- પ્રશિક્ષણ બને છે.*

**૫.૨ પ્રકાર**

*પ્રસ્તુત સંશોધનએ વ્યવહારિક સંશોધન છે. કારણ કે આ સંશોધનમાં શિક્ષકપ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા અંગે આચાર્યોના મંતવ્યોની અસરકારકતા તપાસવાની હતી. તથા મળેલ પરિણામોની વ્યવહારુ ઉપયોગિતા હોવાથી આ અભ્યાસ વ્યવહારિક પ્રકારનો બને છે. પ્રસ્તુત સંશોધન વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો, વાલીઓ, સંચાલકો વગેરેને ઉપયોગી હોવાથી આ સંશોધન વ્યવહારુ પ્રકારનું બને છે.*

**૬. સંશોધનની પદ્ધતિ**

*પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પદ્ધતિ પસંદ કરવામાં આવી હતી.*

**૭. વ્યાપવિશ્વનું કદ અને નિદર્શ**

**૭.૧ વ્યાપવિશ્વ**

*પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણની બી.એડની ૩૩ કોલેજો તથા આ કોલેજોના ૩૩ આચાર્યો સંશોધનનું વ્યાપવિશ્વ બન્યું હતું.*

**૭.૨ નિદર્શ**

પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણની બી.એડ કોલેજો ૩૩ આવેલી છે. તે તમામ શિક્ષકપ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજો તથા કોલેજોના આચાર્યો પ્રસ્તુત સંશોધનનું નિદર્શ (નમૂનો) બન્યો હતો એટલે કે સંશોધનનું વ્યાપવિશ્વ એજ નિદર્શ (નમૂનો) બને છે.

**૮. અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શિક્ષક-પ્રશિક્ષણની શૈક્ષણિક ગુણવત્તા અંગે દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજોના આચાર્યોના મંતવ્યો જાણવા પ્રો.મુખોપાધ્યાય રચેલ (૨૦૦૨) 'શિક્ષણમાં સંપૂર્ણ ગુણવત્તા વ્યવસ્થાપન' અને અનુવાદક શ્રી વસંતભાઈ દોશી અને અન્યની તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર પ્રસારિત શૈક્ષણિક ગુણવત્તા માટે આચાર્યોના મંતવ્યો જાણવા પ્રમાણિત પ્રશ્નાવલિનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૯. માહિતીનું એકત્રીકરણ અને પૃથક્કરણ**

પ્રસ્તુત સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ આધારિત હોવાથી માહિતી એકત્રીકરણ આ પ્રમાણે કરવામાં આવ્યું હતું.

દક્ષિણ ગુજરાતની શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્.) કોલેજો તથા તે કોલેજોના આચાર્યોની રૂબરૂ મુલાકાત તથા પોસ્ટ દ્વારા તેમની પાસેથી સંશોધનને જરૂરી માહિતી પ્રશ્નાવલિ મેળવવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના પૃથક્કરણ માટે અંકશાસ્ત્રીય પ્રવિધિની મદદથી કાઈવર્ગ અને ટકાવારી દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

**૧૦. સંશોધનના તારણો**

પ્રસ્તુત સંશોધનના અંતે સંશોધકને આ પ્રમાણે તારણો મળ્યા હતા.

**૧. ગ્રાહક અભિમુખતા**

ગ્રાહક અભિમુખતા ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૪૧ (૨૭.૩૪%), સહમત ૭૭ (૫૧.૩૩%), ચોક્કસ નથી ૧૨ (૮%), અસહમત ૧૭ (૧૧.૩૩%), સંપૂર્ણ અસહમત ૩ (૨%) ૧ થી ૫ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૨. અસીલશિક્ષણ**

અસીલશિક્ષણ ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૪૦ (૨૬.૬૭%), સહમત ૫૯ (૩૯.૩૩%), ચોક્કસ નથી ૧૬ (૧૦.૬૭%), અસહમત ૨૦ (૧૩.૩૩%), સંપૂર્ણ અસહમત ૧૫ (૧૦%) ૬ થી ૧૦ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૩. ગુણવતાની સાથે સંતોષ**

ગુણવતાની સાથે સંતોષ ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૬૮(૪૫.૩૩%), સહમત ૫૯ (૩૯.૩૩%), ચોક્કસ નથી ૧૦ (૬.૬૭%), અસહમત ૧૦ (૬.૬૭%), ૩ સંપૂર્ણ સહમત (૨%) ૧૧ થી ૧૫ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૪. ભાગીદારી**

ભાગીદારી ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૫૯(૩૯.૩૩%), સહમત ૭૬ (૫૦.૬૭%), ચોક્કસ નથી ૬ (૪%), અસહમત ૫ (૩.૩૩%), સંપૂર્ણ અસહમત ૪ (૨.૬૭%) ૧૬ થી ૨૦ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૫. નવીનીકરણ**

નવીનીકરણ ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૬૯(૪૬%), સહમત ૭૦ (૪૬.૬૭%), ચોક્કસ નથી ૭ (૪.૬૭%), અસહમત ૨(૧.૩૩%), સંપૂર્ણ અસહમત ૨ (૧.૩૩%) ૨૧ થી ૨૫ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૬. વાલી સહયોગ**

વાલીસહયોગ ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૧૦ (૬.૬૭%), સહમત ૫૬ (૩૭.૩૩%), ચોક્કસ નથી ૧૫ (૧૦%), અસહમત ૫૧(૩૪%), સંપૂર્ણ અસહમત ૧૮ (૧૨%) ૨૬ થી ૩૦ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.

**૭. સંપર્ક**

*સંપર્ક ઘટક સંબંધી સંપૂર્ણ સહમત ૬૦ (૪૦%), સહમત ૬૦ (૪૦%), ચોક્કસ નથી ૯ (૬%), અસહમત ૧૫ (૧૦%), સંપૂર્ણ અસહમત ૬ (૪%) ૩૦ થી ૩૫ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.*

**૮. ગ્રાહક અભિમુખતા, અસીલશિક્ષણ, ગુણવતાની સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, વાલીસહયોગ, સંપર્ક**

*ગ્રાહક અભિમુખતા, અસીલશિક્ષણ, ગુણવતાની સાથે સંતોષ, ભાગીદારી, નવીનીકરણ, વાલીસહયોગ, સંપર્ક વગેરે ઘટકો સંબંધી સંપૂર્ણ સહમત ૩૪૭(૩૩%), સહમત ૪૫૭(૪૩.૫૨%), ચોક્કસ નથી ૭૫ (૭.૧૯%), અસહમત ૧૨૦ (૧૧.૪૩%), સંપૂર્ણ અસહમત ૫૧ (૪.૮૬%) ૧ થી ૩૫ વિધાનોની ૩૦ પાત્રોની સંખ્યા જોવા મળી હતી.*

**૧૧. ભાવિ સંશોધન માટેની ભલામણો**

*સંશોધકે અહીં ભલામણો રજૂ કરી હતી જે આ પ્રમાણે કરી હતી.*

૧. સરકારી બી.એડ્ કોલેજો અને ખાનગી બી.એડ્ કોલેજોની શૈક્ષણિક ગુણવતા અંગેનો તુલનાત્મક અભ્યાસ
૨. ગુજરાત રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની શૈક્ષણિક ગુણવતા અંગે આચાર્યોના મંતવ્યોનો અભ્યાસ
૩. પી.ટી.સી. અને સી.પી.એડ્. શિક્ષક-પ્રશિક્ષણ કોલેજોની શૈક્ષણિક ગુણવતાનો તુલનાત્મક અભ્યાસ
૪. ગુજરાત રાજયમાં અને કેરલમાં ચાલતી પ્રાથમિક શાળાઓનો તુલનાત્મક અભ્યાસ
૫. શિક્ષક-પ્રશિક્ષણ (બી.એડ્) કોલેજોના અધ્યાપકોના શૈક્ષણિક ગુણવતા અંગેનો અભ્યાસ

**સંદર્ભસૂચિ**

૧. આચાર્ય, મોહિની (૨૦૦૯), શિક્ષક-પ્રશિક્ષણ, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. ઉચાટ, ડી.એ (૨૦૦૯), શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૩. મુખોપાધ્યાય, મંમર અને અનુવાદિત દોશી વસંતભાઈ અને અન્ય (૨૦૦૨), શિક્ષણમાં સંપૂર્ણ ગુણવતા વ્યવસ્થાપન, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગર
૪. શાહ, દીપીકા બી (૨૦૦૯), શૈક્ષણિક સંશોધન, (દીશદર્શન), પ્રમુખ પ્રકાશન, અમદાવાદ.
૫. દેસાઈ, કે.જી અને દેસાઈ, (૧૯૯૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (સાતમી આવૃતિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ (૧૯૯૭)
૬. રાવલ, નટુભાઈ વી. અને અન્ય (૨૦૦૯-૧૦). શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનાં મૂળતત્વો અને શાળા વ્યવસ્થાપનના તત્વો. નીરવ પ્રકાશન, અમદાવાદ.
૭. પટેલ, હરિભાઈ એસ. (૨૦૦૪). શૈક્ષણિક ગુણવત્તા વ્યવસ્થાપન. (બીજી આવૃત્તિ), ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ.